# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-08-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી-રાષ્ટ્ર-રાજ્ય-જિલ્લા

પ્રધાનમંત્રી નરેન્દ્ર ગઈકાલે મોદીએ સ્વતંત્રતા દિવસ નિમિત્તે દિલ્હીમાં લાલકિલ્લા પરથી દેશવાસીઓને સંબોધિત કરતા કહ્યું, સ્વતંત્રતાનું આ પર્વ 140 કરોડ લોકોના સંકલ્પનું પર્વ છે. 15 ઑગસ્ટે ઑપરેશન સિંદૂરના વીર જવાનોને સલામી આપવાની તેમને તક મળી છે. તેમણે દેશને દિશા અને માર્ગ બતાવનારા બંધારણના ઘડવૈયાઓને નમન કર્યું.પ્રધાનમંત્રીએ દેશના નાગરિકોને દિવાળી સુધીમાં જી.એસ.ટીમાં રાહત ફવાની વાત પણ કરી હતી.

તો ગુજરાતના ઐતિહાસિક શહેર પોરબંદરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના 79મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી, શ્રી પટેલે દેશભક્તિના ઉત્સાહ સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે શહેરી વિકાસ વર્ષમાં નાના નગરોના પણ સુનિયોજિત વિકાસ માટે 100થી વધુ ટાઉન પ્લાનિંગ એટલે કે, નગર આયોજનની યોજના મંજૂર કરવાની જાહેરાત કરી. આ પ્રસંગે શ્રી પટેલે દેશની આઝાદી માટે શહીદ થયેલા લોકો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને વંદન કર્યાં.

કચ્છની જિલ્લાકક્ષાની ઉજવણી ભચાઉના SRPF ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. આ ઉજવણીમાં કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને ધ્વજવંદન કર્યું હતું. કલેક્ટરએ પોલીસ અને હોમગાર્ડ પરેડનું નિરીક્ષણ કરીને મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. શ્રી પટેલે તેમના સંબોધનમાં જણાવ્યું કે, આપણને પ્રાપ્ત થયેલી આઝાદી ખૂબ જ અમૂલ્ય છે. વિશિષ્ટ કામગીરી અને સિદ્ધિઓ હાંસલ કરનારા સરકારના કર્મયોગી, વિદ્યાર્થીઓ અને નાગરિકોનું આ પ્રસંગે સન્માન કરાયું.

---

## વાયુસેના મેડલ-ભુજના જવાનને:

ભુજ એરફોર્સ સ્ટેશનમાં ફરજ બજાવતા ગ્રુપ કેપ્ટન શ્રી રાકેશકુમાર યાદવને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'વાયુસેના મેડલ' એનાયતની જાહેરાત થઈ છે. આ સન્માન ભારતની આતંકવાદ વિરોધી તાજેતરની સૌથી મહત્વપૂર્ણ કાર્યવાહી 'ઑપરેશન સિંદૂર'માં આપેલા શૌર્યપૂર્ણ અને નિર્ભીક યોગદાન બદલ પ્રાપ્ત થયું છે.

કચ્છમાં ફરજ બજાવતા ભુજ એરફોર્સ સ્ટેશનના ગ્રુપ કેપ્ટન શ્રી રાકેશકુમાર યાદવને આ સન્માનથી સમગ્ર કચ્છ જિલ્લામાં ગર્વ અને ઉમંગની લાગણી પ્રસરી છે. ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છના આકાશી સીમાડાઓના રક્ષણ માટે એરફોર્સે ખૂબ જ મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી હતી.

---

## રાજ્ય-શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક:

રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2025 માટેના 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' જાહેર કરાયા છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ અંતર્ગત રાજ્યમાંથી કુલ ૩૦ શિક્ષકોની પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી છે. જે પૈકી કચ્છના ભચાઉની બંધડી પ્રાથમિક શાળાના શિક્ષક અનિલ રાઠોડની પસંદગી કરવામાં આવી છે.જેમને આગામી 5 સપ્ટેમ્બરે શિક્ષક દિવસે ગાંધીનગર ખાતે સન્માનવામાં આવશે.

કચ્છમાં સતત પાંચમાં વર્ષે રાજ્ય કક્ષાનું શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પ્રાપ્ત થયું છે. જેનું ગૌરવ છે એવુ જીલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યુ હતું.

---

## જનમાષ્ટમી-દ્વારકા, ભુજ-કચ્છ:

જન્માષ્ટમીના મહાપર્વની ઉજવણી પહેલા જ દ્વારકામાં ભક્તિનો માહોલ જામ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મસ્થળ દ્વારકામાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે, આ વર્ષે

ગઈકાલે સાતમના દિવસેજ 1.69 લાખથી વધુશ્રદ્ધાળુઓએ દ્વારકાધીશના દર્શન કરીનેધન્યતા અનુભવી હતી અને આજે થનારા કૃષ્ણજન્મોત્સવની સૌ ભક્તો આતુરતા પુર્વક અને ઉત્સાહપુર્વક રાહ જોઈ રહ્યા છે.

પૂર્ણ પુરુષોતમ ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ પર્વ જન્માષ્ટમીની આજે સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં ધાર્મિક શ્રદ્ધા સાથે ઉજવણી થઈ રહી છે. વિવિધ મંદિરો વહેલી સવાર થી જ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ભુજમાં આજે બપોરે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શિરોમણી રાયજીનાં મંદિરે થી શોભા યાત્રા નીકળશે. સંસદ સભ્ય વિનોદ ચાવડા અને અન્ય અગ્રણીઓ યાત્રાને પ્રસ્થાન કરાવશે માર્ગમાં ઠેર ઠેર મટકી ફોડના કાર્યક્રમો યોજાશે. મધ્ય રાત્રે બાર વાગ્યે ભુજના દ્વારકાધીશ મંદિર તેમજ અન્ય મંદિરોમાં ધામધૂમ થી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી થશે. દરમ્યાન ભુજમાં હમીરસરના કિનારે ભરાયેલ મેળામાં મોટી મેદની ઉમટી પડશે. ગઈકાલે આખો દિવસ તથા મોડી રાત સુધી મેળામાં ઉલ્લાસભેર ભાગ લિધો હતો.

---

## હવામાન-વરસાદ:

રાજ્યમાં લાંબા સમયના વિરામ બાદ મેઘરાજાની ફરીથી ધમાકેદાર એન્ટ્રી થઈ છે. ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં આજે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ વરસાદના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે, જ્યારે ભારે બફારાથી ત્રાહિમામ પોકારી ગયેલા લોકોને પણ રાહત મળી છે. આ દરમિયાન હવામાન વિભાગે એક મોટી આગાહી કરી છે કે, ગુજરાત પર એકસાથે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. જેના કારણે 17મી ઓગસ્ટથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.જોકે કચ્છ જિલ્લામાં મોટા ભાગના વિસ્તારોમાં ઉંચા તાપમાન સાથે બફારાથી લોકો ત્રસ્ત થયા હતા.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજથી રાજ્યમાં વરસાદનું જોર વધશે અને આગામી પાંચ દિવસ સુધી સાર્વત્રિક વરસાદ પડશે. બંગાળની ખાડીમાં એક લો પ્રેશર સિસ્ટમ સક્રિય થઈ છે જે આગામી 48 કલાકમાં ગુજરાત તરફ આગળ વધશે. માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

---